**ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની કુલ-૮ (વર્ગ-૩) જગ્યાઓ નિયમિત ભરતીથી ન ભરાય ત્યાં સુધી અથવા ૦૩/૦૨/૨૦૨૬થી વધુ ૧૧ માસ માટે આઉટસોર્સીંગથી ભરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક: SJED/GSC/e-file/17/2022/0005/J**
સચિવાલય, ગાંધીનગર.
તા:ઈ સાઈન મુજબ

**વંચાણમાં લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૦૪/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/GSC/e-file/17/2022/0005/J

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૧૭/૧૨/૨૦૨૫નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૪/૨૦૨૫/ક

**આમુખ:**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના તા.૨૨.૦૪.૨૦૨૫ના ઠરાવથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની વર્ગ-૦૩ની કુલ-૦૮ જગ્યાઓને તા.૦૪.૦૩.૨૦૨૫થી વધુ ૧૧ માસ માટે આઉટસોર્સીંગથી ભરવા મંજૂરી આપવામાં આવેલ હતી.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ વિકાસ કલ્યાણ, ગાંધીનગરની કચેરીના વંચાણે લીધેલ ક્રમ (૨) પરના તા.૧૭.૧૨.૨૦૨૫ના પત્રથી કુલ ૦૮ જગ્યાઓને વધુ તા.૦૩/૦૨/૨૦૨૬ થી વધુ ૧૧ માસ માટે નિયમિત ભરતીથી ન ભરાય ત્યાં સુધી આઉટસોર્સીંગથી ભરવા મંજૂરી આપવા માટે દરખાસ્ત કરેલ છે.

**ઠરાવ:-**

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની ઉક્ત દરખાસ્ત પર કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની જુનિયર કલાર્કની ૦૩ જગ્યા, સિનીયર કલાર્કની ૦૩ જગ્યા, મદદનીશ મેનેજરની ૦૧ જગ્યા, નાયબ મેનેજરની ૦૧ જગ્યા એમ કુલ-૦૮ જગ્યાઓને તા.૦૪/૦૨/૨૦૨૬ થી વધુ ૧૧ માસ માટે અથવા જ્યાં સુધી નિયમિત નિમણૂંકથી જગ્યા ભરાય નહી ત્યાં સુધી, બન્નેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી આઉટસોર્સથી સેવા મેળવવા માટે નીચે દર્શાવેલ શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આઉટસોર્સથી સેવા દર્શાવેલ સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજૂરી સિવાય, મંજૂરીની અપેક્ષાએ કે પાશ્વાતવર્તી અસરથી મંજૂરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહિ.

(૨) આઉટસોર્સથી સેવા લેવા અંગે નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત સેવા લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૩) આઉટસોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે, સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યારબાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૪) રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટસોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લધુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ, સર્વીસ ટેક્ષ, GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઈ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઈ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

(૫) નાણા વિભાગની પૂર્વમંજૂરી સિવાય મહેનતાણાના દરોમાં કોઈ વધારો કરવાનો રહેશે નહી.

(૬) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંનો અમલ કરવાનો રહેશે.

(૭) આઉટસોર્સથી ભરવાની થતી જગ્યાઓ અંગે સરકારશ્રી દ્વારા વખતોવખત લાગુ કરવામાં આવેલ તમામ જોગવાઈઓ તથા નિયમો ધ્યાને લેવાના રહેશે.

(૮) સદરહુ હંગામી જગ્યાની મુદ્દત લંબાવવા માટેની સમયસર મંજૂરી મેળવવાની જવાબદારી

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા સલાહકાર (સા.ન્યા) મારફત સચિવશ્રી, સામાજિક ન્યાયની તા.૦૮.૦૧.૨૦૨૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-Sd/-

**(કૌશલ લાંઘણોદા)**

સેક્શન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ગુજરાત સરકાર

**પ્રતિ,**

૧. માન. મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
૨. માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
૩. સચિવશ્રી(સા.ન્યા) ના રહસ્ય સચિવ, સચિવાલય,ગાંધીનગર.
૪. અગ્ર સચિવશ્રી(આર્થિક બાબતો) નાણા વિભાગના અંગત મદદનીશ, સચિવાલય,ગાંધીનગર.
૫. નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
૬. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
૭. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
૮. નિવાસી ઑડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
૯. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.
૧૦. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૧૧. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૨. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ)
૧૩. સિલેક્ટ ફાઈલ- ૨૦૨૬

Signature Not Verified

Signed by:Kaushal C Langhnoda
Section Officer
Date:2026.02.02
11:53:02 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign